# ખંભાત નગરપાલિકા,ખંભાત

## એજન્ડા નોટીસ

તારીખ.૧૧–૦૩–૨૦૨૨ને શુક્રવારના રોજ બપોરે ૪–૦૦ કલાકે મ્યુની.કાઉન્સીલ હોલમાં મળનાર જનરલ બોર્ડની ખાસ સામાન્ય સભા અનિવાર્ય સંજોગોને કારણે મુલત્વી રાખવામાં આવેલ છે અને આ જનરલ બોર્ડની ખાસ સામાન્ય સભા આગામી તારીખ. ૧૫–૦૩–૨૦૨૨ ને મંગળવાર ના રોજ સાંજના ૪–૦૦ કલાકે મ્યુનીસીપલ કાઉન્સીલ હોલમાં મળશે જેમાં કરવામાં આવનાર કામોનાં એજન્ડા.

(૧) તારીખ. ૦૨–૦૩–૨૦૨૨ ગત બોર્ડનું પ્રોસીડીંગ મંજુર કરવા બાબત.

(૨) ખંભાત નગરપાલિકાનું સને.૨૦૨૨–૨૦૨૩ના નાણાંકીય વર્ષ માટે નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૭૬(૧) મુજબ વર્ષ ૨૦૨૧–૨૦૨૨ના એપ્રિલ ૨૦૨૧ થી ડીસેમ્બર–૨૦૨૧ સુધીના ખરેખર આવક અને ખર્ચ તથા જાન્યુઆરી–૨૦૨૨ થી માર્ચ–૨૦૨૨ સુધીના સંભવિત આવક અને ખર્ચના અંદાજ પત્ર ફાઈનાન્સ કમીટી ઠરાવ નંબર. ૦૧ તારીખ.૦૪–૦૩–૨૦૨૨ થી કરેલ ભલામણ વંચાણમાં લઈ વર્ષ ૨૦૨૨–૨૦૨૩ નું અંદાજ પત્ર મંજુર કરવા બાબત.

આ ઉપરાંત ચેરમાંથી રજુ થાય તે બાબત.

સહી.કામીની એચ. ગાંધી

ખંભાત નગરપાલિકા. પ્રમુખ,

તારીખ.૧૦–૦૩–૨૦૨૨ ખંભાત નગરપાલિકા,ખંભાત

નોધઃ– (૧) બોર્ડની મીટીંગમાં કરવાનાં કામોનાં કાગળો જોવા તથા વાંચવા સારું ઓફીસ ચાલુ હોય તે દિવસો અને રજાના દિવસો દરમ્યાન સવારના ૧૦–૦ થી ૧૨–૦ સુધી ઓફીસ ટેબલ ઉપર મુકવામાં આવેલ છે.

(૨) એજન્ડા પેપરમાં દાખલ કરેલ કામોને વ્યાખ્યા અગર સાર તરીકે ગણવાનાં નથી પરંતુ કામોના વિષયે સુચન છે.

(૩) એજન્ડાની તમામ આઈટમના ઠરાવો નગરપાલિકાની વેબસાઈટ ઉપર દરેકને જોવા મળશે અને નકલો પણ લઈ શકશો www.khambhatnagarpalika.in ઉપરની મેળવી શકશો.

# <u>ખંભાત નગરપાલિકા, ખંભાત</u>

આજ તારીખ.૧૫–૦૩–૨૦૨૨ ને મંગળવાર ના રોજ સાંજે ૦૪–૦૦ કલાકે ખંભાત નગરપાલિકા કચેરીના સભાખંડમાં પ્રમુખશ્રી કામીની હિરેનકુમાર ગાંધી ના અધ્યક્ષ સ્થાને ખાસ સામાન્ય સભા મળી હતી પ્રારંભમાં ઉપસ્થિત સદસ્યશ્રીઓની હાજરી રજીસ્ટરમાં સહી લેતા નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર છે.

**હાજર સભ્યશ્રી ઓ.**

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | શ્રી | કામીની હિરેનકુમાર ગાંધી | પ્રમુખશ્રી | હાજર |
| (૨) | શ્રી | વિજયસિંહ (રાજભા) ચંદુભાઈ પરમાર | ઉપપ્રમુખશ્રી | હાજર |
| (૩) | શ્રી | મુમતાઝબાનુ અરશીદ શેખ (પેઈન્ટર) | સભ્યશ્રી | હાજર |
| (૪) | શ્રી | ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા | સભ્યશ્રી | હાજર |
| (૫) | શ્રી | દુધાભાઈ હિરાભાઈ રોહીત | સભ્યશ્રી | હાજર |
| (૬) | શ્રી | ચંદુભાઈ ભુરાભાઈ કડીયા | સભ્યશ્રી | હાજર |
| (૭) | શ્રી | નિશાદબાનુ મોહંમદ સોએબ મનસુરી | સભ્યશ્રી | હાજર |
| (૮) | શ્રી | સુનીતાબેન રાજુભાઈ વાઘરી | સભ્યશ્રી | હાજર |
| (૯) | શ્રી | મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય | સભ્યશ્રી | હાજર |
| (૧૦) | શ્રી | ધ્રૃવકુમાર જીતુભાઈ પટેલ (અપ્પુ) | સભ્યશ્રી | હાજર |
| (૧૧) | શ્રી | અંબાબેન જગદીશભાઈ જાદવ | સભ્યશ્રી | હાજર |
| (૧૨) | શ્રી | તેજલબેન સાગરકુમાર સોલંકી | સભ્યશ્રી | હાજર |
| (૧૩) | શ્રી | સાવજસિંહ અજીતસિંહ ગોહીલ | સભ્યશ્રી | હાજર |
| (૧૪) | શ્રી | પ્રફુલ્લભાઈ મનુભાઈ ચુનારા (પ્રકાશ) | સભ્યશ્રી | હાજર |
| (૧૫) | શ્રી | ભારતીબેન રમેશભાઈ રાણા | સભ્યશ્રી | હાજર |
| (૧૬) | શ્રી | નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ | સભ્યશ્રી | હાજર |
| (૧૭) | શ્રી | નીતીનભાઈ રૂઘનાથજી બ્રહ્મભટ્ટ (ગેસવાળા) | સભ્યશ્રી | હાજર |
| (૧૮) | શ્રી | અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા | સભ્યશ્રી | હાજર |
| (૧૯) | શ્રી | હેતલબેન કરશનભાઈ ભીલ | સભ્યશ્રી | હાજર |
| (૨૦) | શ્રી | સોનલબેન નિતિનકુમાર જોષી | સભ્યશ્રી | હાજર |

| | | | | |
|---|---|---|---|---|
| (૨૧) | શ્રી | કનૈયાલાલ મફતભાઈ રાણા (કાનજીભાઈ) | સભ્યશ્રી | હાજર |
| (૨૨) | શ્રી | શમીમબાનુ અબ્દુલહમીદ મલેક | સભ્યશ્રી | હાજર |
| (૨૩) | શ્રી | હંસાબેન કંચનલાલ રાણા(પઠાણ) | સભ્યશ્રી | હાજર |
| (૨૪) | શ્રી | ઈફતેખારહુસેન મુખ્તાર હુસેન યમની (વકીલ) | સભ્યશ્રી | હાજર |
| (૨૫) | શ્રી | એઝાઝહુસેન ઈર્શાદહુસેન સૈયદ (એઝાઝબાપુ) | સભ્યશ્રી | હાજર |
| (૨૬) | શ્રી | નિતાબેન દિલીપભાઈ રાણા | સભ્યશ્રી | હાજર |
| (૨૭) | શ્રી | રાજેશકુમાર ગુણવંતલાલ રાણા (રાજુભાઈ ભગત) | સભ્યશ્રી | હાજર |
| (૨૮) | શ્રી | ખુશમનભાઈ શાંતીલાલ પટેલ (ચંદનવાળા) | સભ્યશ્રી | હાજર |
| (૨૯) | શ્રી | રેખાબેન અલ્પેશકુમાર જાદવ | સભ્યશ્રી | હાજર |
| (૩૦) | શ્રી | શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય | સભ્યશ્રી | હાજર |
| (૩૧) | શ્રી | દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર | સભ્યશ્રી | હાજર |
| (૩૨) | શ્રી | ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ (ભુપતભાઈ) | સભ્યશ્રી | હાજર |
| (૩૩) | શ્રી | ગીતાબેન જતીનકુમાર રાણા | સભ્યશ્રી | હાજર |
| (૩૪) | શ્રી | જયાબેન રોહીતભાઈ ખારવા | સભ્યશ્રી | હાજર |
| (૩૫) | શ્રી | શાંતિબેન ભુપતભાઈ માછી (ભજનવાળી) | સભ્યશ્રી | હાજર |

નીચે મુજબના સદસ્યશ્રીઓ ગેરહાજર રહેલ છે.

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | શ્રી | જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા (બાલ્યો) | સભ્યશ્રી | ગેર હાજર |

હાજરી લીધા બાદ સભાનું કોરમ પુરૂ થયું હોઈ પ્રમુખશ્રી તરફથી તમામ સદસ્યશ્રીઓને આવકારીને સભાનું કામ કાજ શરૂ કર્યુ.

એજન્ડા ક્રમાંક.૧ તારીખ.૧૫–૦૩–૨૦૨૨

તારીખ. ૦૨–૦૩–૨૦૨૨ ગત બોર્ડનું પ્રોસીડીંગ મંજુર કરવા બાબત.

## જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૦૪૫ તારીખ.૧૫–૦૩–૨૦૨૨

એજન્ડા ક્રમાંક : ૧ પરત્વેનો પ્રસ્તાવ સદસ્યશ્રી દિગ્વિજયસિંહ પી. પરમાર અને સદસ્યશ્રી મનીષકુમાર બી. ઉપાધ્યાય ના ટેકા સાથે નીચે મુજબ રજુ થયો.

તારીખ. ૦૨–૦૩–૨૦૨૨ ગત બોર્ડનું પ્રોસીડીંગ મંજુર કરવામાં આવે છે.

ઉપરોકત ઠરાવ ચર્ચામાં મુકાતાં વિપક્ષી સદસ્યશ્રી નીતીનભાઈ આર. બ્રહ્મભટ્ટ તરફથી ઉપરોકત ઠરાવ બાબતે નીચે મુજબની સુધારા દરખાસ્ત સદસ્યશ્રી પ્રફુલ્લભાઈ એમ. ચુનારા ના ટેકા સાથે રજુ થઈ.

<u>સુધારો :–</u>

આ આઈટમ તા. – –૨૨ ના જ. બોર્ડના પ્રોસેડીગની મંજુરી માટે છે પણ ગુ. ન. પા. અધિનિયમ ૧૯૬૩ ની નિયમો અને નગરપાલિકા પેટા નિયમ ૧૯૭૧ અને ગુજરાત સરકારશ્રીના નાણાં નિયમો પ્રમાણે નગરપીલકાનો વહીવટ થતો નથી છેલ્લા ત્રિમાસીક હીસાબોમાં ખર્ચના વાઉચરોમાં રકમ દર્શાવેલ નથી અને ખર્ચની વિગતો પણ દર્શાવવામાં આવતી નથી અને બીલો ઓડીટ થઈને ચુકવાઈ જાય છે.

આમ ન.પા. નિયમોને આધીન ન.પાલિકાનો વહીવટ થતો નથી જેથી આ પ્રોસેડીગનો વિરોધ કરવામાં આવે છે.

સુધારા દરખાસ્ત પર મતદાન લેતા

| તરફેણ | | | વિરૂધ્ધ | | |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી | મુમતાઝબાનુ અરશીદ શેખ | ૧ | શ્રી | ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા |
| ૨ | શ્રી | દુધાભાઈ હિરાભાઈ રોહીત | ૨ | શ્રી | નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી |
| ૩ | શ્રી | ચંદુભાઈ ભુરાભાઈ કડીયા | ૩ | શ્રી | સુનીતાબેન રાજુભાઈ વાઘરી |
| ૪ | શ્રી | ધ્રુવકુમાર જીતુભાઈ પટેલ | ૪ | શ્રી | મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય |
| ૫ | શ્રી | અંબાબેન જગદીશભાઈ જાદવ | ૫ | શ્રી | તેજલબેન સાગરકુમાર સોલંકી |
| ૬ | શ્રી | સાવજસિંહ અજીતસિંહ ગોહીલ | ૬ | શ્રી | નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ |
| ૭ | શ્રી | પ્રફુલ્લભાઈ મનુભાઈ ચુનારા | ૭ | શ્રી | અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા |
| ૮ | શ્રી | ભારતીબેન રમેશભાઈ રાણા | ૮ | શ્રી | હેતલબેન કરશનભાઈ ભીલ |
| ૯ | શ્રી | નીતીનભાઈ રૂધનાથજી બ્રહ્મભટ્ટ | ૯ | શ્રી | સોનલબેન નિતિનકુમાર જોષી |
| ૧૦ | શ્રી | શમીમબાનુ અબ્દુલહમીદ મલેક | ૧૦ | શ્રી | કનૈયાલાલ મફતભાઈ રાણા |
| ૧૧ | શ્રી | હંસાબેન કંચનલાલ રાણા | ૧૧ | શ્રી | વિજયસિંહ ચંદુભાઈ પરમાર |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૨ | શ્રી | ઈફતેખારહુસેન મુખ્તારહુસેન યમની | ૧૨ | શ્રી | નિતાબેન દિલીપભાઈ રાણા |
| ૧૩ | શ્રી | ખુશમનભાઈ શાંતીલાલ પટેલ | ૧૩ | શ્રી | કામીની હિરેનકુમાર ગાંધી |
| | | | ૧૪ | શ્રી | રાજેશકુમાર ગુણવંતલાલ રાણા |
| તટસ્થ | | | ૧૫ | શ્રી | રેખાબેન અલ્પેશકુમાર જાદવ |
| ૧ | શ્રી | એઝાઝહુસેન ઈર્શાદહુસેન સૈયદ | ૧૬ | શ્રી | શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય |
| | | | ૧૭ | શ્રી | દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર |
| | | | ૧૮ | શ્રી | ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ |
| | | | ૧૯ | શ્રી | ગીતાબેન જતીનકુમાર રાણા |
| | | | ૨૦ | શ્રી | જયાબેન રોહીતભાઈ ખારવા |
| | | | ૨૧ | શ્રી | શાંતિબેન ભુપતભાઈ માછી |

**સુધારા દરખાસ્ત પર મતદાન લેતા તરફેણમાં (૧૩) વિરૂધ્ધમાં (૨૧) તથા તટસ્થમાં (૧) મત પડતાં સુધારા દરખાસ્ત ના મંજુર થાય છે.**

**મુળ દરખાસ્ત પર મતદાન લેતા**

| તરફેણ | | | વિરૂધ્ધ | | |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી | ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા | ૧ | શ્રી | મુમતાઝબાનુ અરશીદ શેખ |
| ૨ | શ્રી | નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી | ૨ | શ્રી | દુધાભાઈ હિરાભાઈ રોહીત |
| ૩ | શ્રી | સુનીતાબેન રાજુભાઈ વાઘરી | ૩ | શ્રી | ચંદુભાઈ ભુરાભાઈ કડીયા |
| ૪ | શ્રી | મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય | ૪ | શ્રી | ધ્રુવકુમાર જીતુભાઈ પટેલ |
| ૫ | શ્રી | તેજલબેન સાગરકુમાર સોલંકી | ૫ | શ્રી | અંબાબેન જગદીશભાઈ જાદવ |
| ૬ | શ્રી | નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ | ૬ | શ્રી | સાવજસિંહ અજીતસિંહ ગોહીલ |
| ૭ | શ્રી | અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા | ૭ | શ્રી | પ્રફુલ્લભાઈ મનુભાઈ ચુનારા |
| ૮ | શ્રી | હેતલબેન કરશનભાઈ ભીલ | ૮ | શ્રી | ભારતીબેન રમેશભાઈ રાણા |
| ૯ | શ્રી | સોનલબેન નિતિનકુમાર જોષી | ૯ | શ્રી | નીતીનભાઈ રૂઘનાથજી બ્રહ્મભટ્ટ |
| ૧૦ | શ્રી | કનૈયાલાલ મફતભાઈ રાણા | ૧૦ | શ્રી | શમીમબાનુ અબ્દુલહમીદ મલેક |
| ૧૧ | શ્રી | વિજયસિંહ ચંદુભાઈ પરમાર | ૧૧ | શ્રી | હંસાબેન કંચનલાલ રાણા |
| ૧૨ | શ્રી | નિતાબેન દિલીપભાઈ રાણા | ૧૨ | શ્રી | ઈફતેખારહુસેન મુખ્તારહુસેન યમની |
| ૧૩ | શ્રી | કામીની હિરેનકુમાર ગાંધી | ૧૩ | શ્રી | ખુશમનભાઈ શાંતીલાલ પટેલ |
| ૧૪ | શ્રી | રાજેશકુમાર ગુણવંતલાલ રાણા | | | |
| ૧૫ | શ્રી | રેખાબેન અલ્પેશકુમાર જાદવ | તટસ્થ | | |
| ૧૬ | શ્રી | શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય | ૧ | શ્રી | એઝાઝહુસેન ઈર્શાદહુસેન સૈયદ |
| ૧૭ | શ્રી | દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર | | | |
| ૧૮ | શ્રી | ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ | | | |

| | | |
|---|---|---|
| ૧૯ | શ્રી | ગીતાબેન જતીનકુમાર રાણા |
| ૨૦ | શ્રી | જયાબેન રોહીતભાઈ ખારવા |
| ૨૧ | શ્રી | શાંતિબેન ભુપતભાઈ માછી |

**મુળ દરખાસ્ત પર મતદાન લેતા તરફેણમાં (૨૧) વિરૂધ્ધમાં (૧૩) તટસ્થમાં (૧) મત પડતાં મુળ દરખાસ્ત મંજુર થાય છે.**

**સહી. કામીની એચ. ગાંધી**

**પ્રમુખ**

**ખંભાત નગરપાલિકા, ખંભાત**

એજન્ડા ક્રમાંક. ૨ તારીખ. ૧૫–૦૩–૨૦૨૨

ખંભાત નગરપાલિકાનું સને.૨૦૨૨–૨૦૨૩ ના નાણાંકીય વર્ષ માટે નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૭૬ (૧) મુજબ વર્ષ ૨૦૨૧–૨૦૨૨ ના એપ્રિલ ૨૦૨૧ થી ડીસેમ્બર ૨૦૨૧ સુધીના ખરેખર આવક અને ખર્ચ તથા જાન્યુઆરી–૨૦૨૨ થી માર્ચ–૨૦૨૨ સુધીના સંભવિત આવક અને ખર્ચના અંદાજ પત્ર વંચાણમાં લઈ વર્ષ ૨૦૨૨–૨૦૨૩ નું અંદાજ પત્ર મંજુર કરવા બાબત.

## જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૦૪૬ તારીખ.૧૫–૦૩–૨૦૨૨

એજન્ડા ક્રમાંક : ૨ પરત્વેનો પ્રસ્તાવ સદસ્યશ્રી મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય તરફથી અને સદસ્યશ્રી અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા ના ટેકા સાથે નીચે મુજબ રજુ થયો.

આજ રોજ તારીખ.૧૫–૦૩–૨૦૨૨ ના ખંભાત નગરપાલિકાનું સને.૨૦૨૨–૨૦૨૩ ના નાણાંકીય વર્ષ માટે નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૭૬ (૧) મુજબ વર્ષ ૨૦૨૧–૨૦૨૨ ના એપ્રિલ ૨૦૨૧ થી ડીસેમ્બર ૨૦૨૧ સુધીના ખરેખર આવક અને ખર્ચ તથા જાન્યુઆરી–૨૦૨૨ થી માર્ચ–૨૦૨૨ સુધીના સંભવિત આવક અને ખર્ચના અંદાજ પત્ર વંચાણમાં લઈ વર્ષ ૨૦૨૨–૨૦૨૩ નું અંદાજ પત્ર મંજુર કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષ મહોદયશ્રી, તથા આજની આ જનરલ બોર્ડની ખાસ સામાન્ય સભામાં ઉપસ્થિત એવા મારા કાઉન્સીલર ભાઈઓ તથા બહેનો.

ખંભાત નગરપાલિકાનું આગામી નાણાંકીય વર્ષ ૨૦૨૨–૨૦૨૩ નું અંદાજપત્ર આપ સૌ ની સમક્ષ મુકતા હર્ષ અને લાગણી અનુભવું છું

આગામી વર્ષ એપ્રીલ–૨૦૨૨ થી શરૂ થતા નવા વર્ષની રૂપરેખા આપુ તે પહેલા જાન્યુઆરી ૨૦૨૨ થી માર્ચ ૨૦૨૨ સુધીના સંભવીત આવક અને ખર્ચના અંદાજો સાથેના રેવન્યુ બજેટ અને કેપીટલ બજેટ જે આ બોર્ડ સમક્ષ પ્રસ્તુત કરીએ છીએ.જેમાં આ વર્ષ સરકારશ્રી ના તા.૧૯/૦૨/૨૦૨૨ ના પરીપત્ર મુજબ ગુજરાત રાજયની નગરપાલિકાઓમાં કરવેરા વસુલાત હેઠળ આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજના દાખલ કરવા જણાવેલ છે. આ યોજના અંર્તગત કરદાતા તેમની મિલકત પટે અગાઉના વર્ષોના તમામ પ્રકારના વેરાની બાકી રકમ તા.૩૧/૩/૨૦૨૨ સુધીમાં ભરપાઈ કરે તો નોટીસ ફી અને વોરંટ ફી પેટે ૧૦૦% રકમ માફી આપવામાં આવશે જે અંગે નગરપાલિકાના જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૪૩ તા.૦૨/૦૩/૨૦૨૨ થી ઠરાવ કરી સદર દરખાસ્ત પ્રાદેશિક કમિશનર નગરપાલિકાઓ તરફ મોકલી આપેલ, જેની તા.૫/૩/૨૦૨૨ થી મંજુરી આપવામાં આવેલ છે. જે અનુસંધાને ખંભાત નગરપાલિકા ના બાકી કરદાતા ને તેમના બાકી રહેલ કરવેરામાં મોટી રાહત આપવામાં આવેલ છે અને તેના લીધે નગરપાલિકાની ટેક્ષ ની આવકમાં વધારો થઈ શકે છે. જેના પરીણામ રૂપે નગરપાલિકાની આર્થીક સ્થિતી મજબુત થઈ શકે છે.

સદરહું બજેટમાં સમાવિષ્ટ મહત્વની કડીઓની કેડીઓ કંડારવા અને ખંભાત શહેર અને તેમાં રહેતા પ્રજાજનોની સુખાકારી અને શહેરના વિકાસની જે પડતર રહેલ બાબતો જેવી કે......

ખંભાત શહેરમાં રહેતી વિધવા બહેનો માટે અગાઉના વર્ષ થી આપવામાં આવેલ સપૂર્ણ ટેક્ષ માફી આપવામાં આવે છે. તે મુજબ આગામી વર્ષમાં પણ તે ટેક્ષ માફી આપવા નકકી કરવામાં આવે છે. તેમા જે લોકોને આ લાભ મળવાપાત્ર હોય તેઓ ધ્વારા નગરપાલિકા માં નિયમ અનુસાર અરજી કરેથી તેઓને પણ માફી આપવામાં આવશે તેમ ઠરાવવામાં આવે છે.

ખંભાત શહેરની જનતાને અનેક યોજનાનો લાભ લેવા માટે નગરપાલિકા ના આવક દાખલાની જરૂરીયાત રહેતી હોવાથી આ આવકના દાખલાની ફી રૂા.૧૫/– લઈ ને આપવામાં આવતી હતી જે અગામી વર્ષ ૨૦૨૨–૨૦૨૩ માં પણ ચાલુ રાખવામાં આવે છે.

વર્ષ : ૨૦૨૨–૨૩ માટે રૂા.૨૪,૪૧,૫૬,૦૦૦/– અંકે રૂપીયા ચોવીસ કરોડ એકતાલીસ લાખ છપ્પન હજાર પુરા રેવન્યુ આવક અંદાજવામાં આવેલ છે. જે નીચે પ્રમાણે છે.

| | | | |
|---|---|---|---|
| ૧ | કુલ ટેક્ષની આવક | ૭૮૭૬૦૦૦૦.૦૦ | |
| ૨ | ભાડાની કુલ આવક | ૭૬૫૦૦૦૦.૦૦ | |
| ૩ | અન્ય આવક | ૧૦૧૯૦૦૦૦.૦૦ | |
| ૪ | ફી ની કુલ આવક | ૧૫૭૫૮૦૦૦.૦૦ | |
| ૫ | ખાસ અધિનિયમની આવક | ૧૧૦૩૦૦૦.૦૦ | |
| ૬ | વ્યાજ આવક ભંડોળ | ૯૦૦૦૦૦૦.૦૦ | |
| ૭ | કુલ અન્ય આવકો | ૩૧૬૯૫૦૦૦.૦૦ | |
| ૮ | સહાયક અનુદાન (મહેકમ) | ૯૦૦૦૦૦૦૦.૦૦ | |
| | કુલ રેવન્યુ આવક | ૨૪૪૧૫૬૦૦૦.૦૦ | |

તેની સામે વર્ષ : ૨૦૨૨–૨૩ માટે રૂા.૨૪,૧૬,૪૩,૦૦૧/– અંકે રૂપીયા ચોવીસ કરોડ સોળ લાખ તેતાલીસ હજાર એક પુરાની રેવન્યુ જાવક અંદાજવામાં આવેલ છે. જે નીચે પ્રમાણે છે.

| | | | |
|---|---|---|---|
| ૧ | અગ્રીમ આવશ્યક સેવા સિવાયનું મહેકમનો ખર્ચ | ૭૨૫૦૦૦૦૦.૦૦ | |
| ૨ | અન્ય લાભો | ૧૧૪૨૦૦૦૦.૦૦ | |
| ૩ | વહીવટી ખર્ચ | ૧૫૦૦૫૫૦૧.૦૦ | |
| ૪ | પાણી પુરવઠા ખર્ચ | ૪૬૦૫૦૦૦૦.૦૦ | |
| ૫ | ગંદાપાણીના નિકાલનો ખર્ચ (ડ્રેનેજ) | ૧૩૮૦૫૦૦૦.૦૦ | |
| ૬ | સફાઈ ખર્ચ | ૫૩૫૫૦૦૦૦.૦૦ | |
| ૭ | વરસાદી પાણી નિકાલ | ૧૦૦૦૦૦૦.૦૦ | |
| ૮ | જાહેર દિવાબત્તી ખર્ચ | ૭૫૨૫૦૦૦.૦૦ | |
| ૯ | રસ્તા / બાંધકામ ખર્ચ | ૮૮૨૫૦૦૦.૦૦ | |

| | | | |
|---|---|---|---|
| ૧૦ | અન્ય સેવાઓનો ખર્ચ (એ) શહેરી મેલેરીયા યોજના (બી) ફાયર વિભાગ (સી) ગાર્ડન વિભાગ (ડી) ધર્મશાળા વિભાગ (ઇ) પુસ્તકાલય (એફ) સ્મશાન વિભાગ (જી) સ્વીમીગ બાથ વિગેરે. | ૧૧૯૬૨૫૦૦.૦૦ | |
| | કુલ રેવન્યુ જાવક | ૨૪૧૬૪૩૦૦૧.૦૦ | |

આમ રેવન્યુ આવક જાવકના બજેટ માં રૂા. ૨૫,૧૨,૯૯૯/– અંકે રૂપીયા પચ્ચીસ લાખ બાર હજાર નવસો નવ્વાણું પુરા ની પૂરાંત દર્શાવવામાં આવેલ છે. જે નગરના આયોજનમાં નગરપાલિકા ધ્વારા કરવામાં આવનાર વિવેક બુધ્ધિ અનુસાર અને કરકસર યુકત પગલાઓના ફળ સ્વરૂપે પુરાંત વાળુ બજેટ રજુ કરતા હર્ષ ઉલ્લાસ અને આનંદ ની લાગણી અનુભવું છુ.

દિવસે દિવસે શહેરી કરણ વધવાનું છે. શહેરની હદોનો વ્યાપ અને વિસ્તરણ થવાનું જ છે. નવા બાંધકામ અને નવી સોસાયટીયોનું સર્જન થવાનું છે.

આમ પ્રાથમીક સુવિધાઓ આપવાનો વ્યાપ પણ વધવાનો છે.

અમો ....ભવિષ્યની આપવાની જરૂરીયાતો નો દુરંદેશી ખ્યાલ આ બજેટમાં કરેલો છે. સરળતાથી સેવાઓ મળી રહે અને સમસ્યાઓ તુરત હલ થાય અને નાગરીકોને વધુ સરળતા રહે તે માટે અનેક જોગવાઈઓ આ બજેટમાં કરવામાં આવેલ છે.

ગુજરાત સરકારશ્રીની વિવિધ યોજનાઓ હેઠળ વિકાસ લક્ષી કામો સમગ્ર ગામના મુખ્ય રસ્તાઓ, અંદરના આર.સી.સી. ડામરના રસ્તાઓ બનાવી વિકાસની એક ઝલક પ્રજાને આપેલ છે. તેનાથી સમગ્ર પ્રજામાં એક ખુશીની લહેર જોવા મળેલ છે અને તેમાંથી ઘણા ખરા કામો પુર્ણ થયેલ છે અને બાકીના કામો હાલ પ્રગતિમાં છે અને તે જરૂરી સમય મર્યાદામાં પુર્ણ થાય તેમાં પણ નગરપાલિકાના શાસકોનો આગોતરૂ આયોજન છે. ખંભાત શહેરની કાયાપલટ એ અમારૂ મીશન છે અને સર્વાંગી વિકાસ થાય તે માટે અમારો અથાગ પ્રયત્ન રહેશે. આ ભગીરથ કાર્ય માટે આપ સૌનો સહકાર અમોને મળતો રહે છે તે માટે અમો આપના ઋણી છીએ.

ખંભાત નગરપાલિકા ધ્વારા શહેરની જનતા ને જે પાણી પુરવઠો પહોચાડવામાં આવે તેના વિજ બીલ નો વાર્ષીક ખર્ચ અંદાજીત બે કરોડ પચાસ લાખ થાય છે. આમ સદર ખર્ચ ને પહોચી વળવા માટે આગામી વર્ષ પંદરમાં નાંણાપંચ ગ્રાન્ટ માંર્થી સૂર્ય ઉર્જા રૂફટોપ યોજના ધ્વારા સોલાર પેનલ નાખવાનું આયોજન કરવામાં આવેલ છે. જેના લીધે નગરપાલિકાની આર્થીક પરિસ્થિતીમાં સુધારો કરી શકાય છે.

ખંભાતના વિવિધ મોટા રસ્તાઓની ચોકડી પર લાઈટની સમસ્યા ના થાય તેના માટે હાઈમેસ લાઈટ લગાવવાની કામગીરી પંદરમાં નાણાંપંચ ગ્રાન્ટમાંથી કરવામાં આવશે.

લાલ દરવાજા અને ગાયત્રીનગર પાસે પેસેન્જર માટે બસ પીકપ સ્ટેન્ડ બનાવવાની કામગીરી પંદર માં નાંણાપંચ ગ્રાન્ટ માંથી આગામી વર્ષ માં બનાવવામાં આવશે.

ખંભાત નગરપાલિકા ધ્વારા ખંભાત નગરપાલિકા ના વિસ્તારમાં વોર્ડ નંબર–૧ થી ૯ માં દરેક વોર્ડ વાઈઝ કોમ્યુનીટી હોલ બનાવવાની કામગીરી અંગેનું ખાતમુર્હુત કરવામાં આવેલ છે. તેમાથી સાત વોર્ડ ના કોમ્યુનીટી હોલ ની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.અને બાકી રહેલ બે વોર્ડ ના કોમ્યુનીટી હોલ ની કામગીરી પ્રગતિમાં છે તે આગામી વર્ષ માં પૂર્ણ કરવામાં આવશે.

ખંભાત તારાપુર રોડ આવેલ ગાંગડીયા તળાવમાં વચ્ચે સેલ્ફી પોઈન્ટ અને સેહેલાણીયો માટે બેઠક વ્યવસ્થા કરવાની કામગીરી અંગે નું આયોજન પંદરમાં નાંણાપંચ ગ્રાન્ટ માંથી કરવામાં આવે છે.

ખંભાત નગરપાલિકા શહીદબાગની પાણીની ટાંકી જુની થયેલ હોવાથી શહીદ બાગ વિસ્તારમાં દશ લાખ લીટરની પાણીટાંકી તથા તેને સંલગ્ન મશીનરી કનેકશન વિગેરે ની કામગીરી સાથે નવી ટાંકીં બનાવવા નું કામ ચાલુ છે. જે આગામી વર્ષમાં પૂર્ણ કરી લોકાર્પણ કરી દેવામાં આવશે.

ખંભાત નગરપાલિકાની કચેરી નવાબ સાહેબના સમયથી કાર્યરત હોય ઘણાં વર્ષો થયેલ હોય ખંભાત નગરપાલિકા ભવન નું નવનિર્માણ કરવાનું આયોજન એક કરોડ પંચોતેરલાખ ના ખર્ચે સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી યોજના માં મંજુર કરવામાં આવેલ છે તેની કામગીરી પણ આગામી વર્ષે પૂર્ણ કરી દેવામાં આવશે.

માદળા તળાવ ખંભાત ને એક નવું નજરાણું આપવામાં આવેલ છે. તે જ રીતે નારેશ્વર તળાવ બ્યુટીફીકેશન કરવા માટે ગુજરાત સરકાર સમક્ષ પ્લાન નકશા બનાવી સમગ્ર પ્રોસીઝરો કરી તેની સરકારશ્રી તરફથી મંજુરી મેળવી ને ખંભાત શહેર નું એક નજરાણું બની રહે, તે રીતે નવપલ્લવિત કરવામાં આવશે જેમાં જરૂરીયાતના તમામ રમત–ગમતના સાધનો , ફુવારા તથા સેલ્ફી ઝોન બનાવવાની કામગીરી પંદરમાં નાણાં પંચની ગ્રાન્ટ માંથી કરવામાં આવશે.

તિલકબાગ અને લાલબાગ નું રીનોવેશન કરી અંદર રમત ગમતના સાધનો સાથે નવપલ્લવિત કરવાની કામગીરી પંદરમાં નાંણાપંચ ગ્રાન્ટ માંથી કરવામાં આવશે.

ખંભાત નગરપાલિકા ફાયર બ્રિગેડમાં અધતન સુવિધા મળી રહે તે માટે વાયરલેશ સેટ અને હેન્ડસેટ,મીની રેસ્કયુ ટેન્ડર અને મીની ફાયર ટેન્ડર ખરીદવા અંગે પંદરમાં નાંણાપંચ ગ્રાન્ટ માં આયોજન કરવામાં આવેલ છે.

ખંભાતના નગરજનો ને શારીરીક બિમારીથી ઘેરાયેલા હોય અને તેઓની આર્થીક સ્થિતિ નબળી હોય તેવા નગરના કોઈપણ નાગરીકને ગુજરાતની હદમાં કોઈ એમ્બ્યુલન્સ કે શબવાહીની લઈ જવાની થાય તો નિયમ મુજબ રકમ ભરપાઈ કરવાની હોય અને તેમાં તેઓની અરજી આવેથી નગરપાલિકા નકકી કરે તે રકમમાં માફી આપવાની જોગવાઈ મંજુર કરવામાં આવે છે.

ખંભાત શહેરીના નગરજનો ને શહેરી વિસ્તાર માટે એમ્બ્યુલન્સ,શબવાહીની વાન અને અંતિમયાત્રા વાહનની સેવા ફ્રી કરવામાં આવેલ છે. જે આગામી વર્ષે પણ તેનો લાભ નગરજનો ને આપવા માં આવશે.

વધુમાં નગરપાલિકાના ચુંટાયેલા તમામ ચાલુ / માજી સભ્યશ્રીઓને અને તેમના પત્ની,બાળકો તથા માતા–પિતા ને એમ્બ્યુલન્સ ની જરૂરીયાત ઉભી થાયતો વિના મુલ્યે ગુજરાત રાજયની હદમાં પોતાની સારવાર અર્થે જઈ શકશે. પરતું ગુજરાત બહાર જવાનું થાયતો હદની આગળ જવાના અને હદ સુધી પરત આવવાના પ્રતિ કિ.મી. દીઠ રૂા. ૮–૦૦ અંકે રૂપીયા આઠ પુરાં લેખે વસુલ લેવાના રહેશે.બીજા કોઈપણ અન્ય ચાર્જીસ લાગુ પડશે નહી કે લેવાના રહેશે નહી. તેવી જ રીતે ખંભાત મત વિસ્તાર ધારાસભ્યશ્રી અને માજી ધારાસભ્યને પણ ઉપર મુજબનો લાભ આપવાનો રહેશે.તે મુજબનું બીજો અન્ય ઠરાવ ના થાય તે રીતે તારીખ.૦૧/૦૪/૨૦૧૮ થી અમલ માં આવે તે રીતે ઠરાવવામાં આવેલ છે તે પ્રમાણે આગામી વર્ષે ચાલુ રાખવાનું રહેશે.

આમ વર્ષ : ૨૦૨૨–૨૩ માટે કેપીટલ આવક રૂા.૧૭,૭૦,૩૫,૦૦૦/– અંકે રૂપીયા સતર કરોડ સીતેર લાખ પાંત્રીસહજાર પુરા અંદાજવામાં આવેલ છે. જે નીચે પ્રમાણે છે.

| | | | |
|---|---|---|---|
| ૧ | સહાયક અનુદાન (વિકાસ ભંડોળ યોજના) | ૨૧૬૮૫૦૦૦.૦૦ | |
| ૨ | વિકાસ યોજના (રાજય સરકાર) | ૫૭૯૦૦૦૦૦.૦૦ | |
| ૩ | ખાસ હેતુ માટેની ગ્રાન્ટ (રાજય સરકાર) | ૧૩૭૫૦૦૦૦.૦૦ | |
| ૪ | વિકાસ યોજના ( કેન્દ્ર સરકાર) | ૬૦૦૦૦૦૦૦.૦૦ | |
| ૫ | સામુદાઈક વિકાસ યોજનાઓ | ૧૫૭૦૦૦૦૦.૦૦ | |
| ૬ | વિકેન્દ્રીત જિલ્લા આયોજન | ૭૫૦૦૦૦૦.૦૦ | |
| ૭ | રાજય તેમજ કેન્દ્ર સરકારમાં થી વિકાસ લક્ષી ગ્રાન્ટોમાંથી અન્ય વિકાસ લક્ષી કામો | ૫૦૦૦૦૦.૦૦ | |
| | કુલ કેપીટલ આવક | ૧૭૭૦૩૫૦૦૦.૦૦ | |

તેની સામે વર્ષ : ૨૦૨૨–૨૩ માટે રૂા.૧૭,૩૬,૩૫,૦૦૦/– અંકે રૂપીયા સત્તર કરોડ છત્રીસ લાખ પાંત્રીસ હજાર પુરા ની કેપીટલ જાવક અંદાજવામાં આવેલ છે. જે નીચે પ્રમાણે છે.

| | | | |
|---|---|---|---|
| ૧ | સહાયક અનુદાન (વિકાસ ભંડોળ યોજના) | ૧૬૧૮૫૦૦૦.૦૦ | |
| ૨ | વિકાસ યોજના રાજય સરકાર | ૩૯૪૦૦૦૦૦.૦૦ | |
| ૩ | ખાસ હેતુ માટેની ગ્રાન્ટ રાજય સરકાર | ૯૨૫૦૦૦૦.૦૦ | |
| ૪ | વિકાસ યોજના કેન્દ્ર સરકાર | ૮૭૦૦૦૦૦૦.૦૦ | |
| ૫ | સામુદાઈક વિકાસ યોજનાઓ | ૧૩૮૦૦૦૦૦.૦૦ | |

| | | | |
|---|---|---|---|
| ૬ | વિકેન્દ્રીત જિલ્લા આયોજન | ૭૫૦૦૦૦૦.૦૦ | |
| ૭ | રાજય સરકાર તેમજ કેન્દ્ર સરકારમાં થી વિકાસ લક્ષી ગ્રાન્ટોમાંથી અન્ય વિકાસ લક્ષી કામો | ૫૦૦૦૦૦.૦૦ | |
| | કુલ કેપીટલ જાવક | ૧૭૩૬૩૫૦૦૦.૦૦ | |

આમ કેપીટલ આવક જાવકના બજેટ માં રૂા. ૩૪,૦૦,૦૦૦/– અંકે રૂપીયા ચોત્રીસ લાખ પુરાં ની પૂરાંત દર્શાવવામાં આવેલ છે.

ખંભાત નગરપાલિકા ની કુલ બજેટની આવક જાવક નીચે મુજબ છે.

| વિગત | આવક | જાવક |
|---|---|---|
| ગ્રાન્ટ આવકનો સરવાળો :– | ૧૭૭૦૩૫૦૦૦.૦૦ | ૧૭૩૬૩૫૦૦૦.૦૦ |
| રેવન્યુ આવકનો સરવાળો :– | ૨૪૪૧૫૬૦૦૦.૦૦ | ૨૪૧૬૪૩૦૦૧.૦૦ |
| દેવાઓ અને જવાબદારી :– | ૪૭૬૮૬૦૦૦.૦૦ | ૪૮૧૮૫૦૦૦.૦૦ |
| કુલ સરવાળો :– | ૪૬૮૮૭૭૦૦૦.૦૦ | ૪૬૩૪૬૩૦૦૧.૦૦ |

આમ ખંભાત નગરપાલિકા કુલ આવક જાવક ના બજેટ માં રૂા. ૫૪,૧૩,૯૯૯/– અંકે રૂપીયા ચોપ્પન લાખ તેર હજાર નવસો નવ્વાણું પુરાંની પૂરાંત દર્શાવવામાં આવેલ છે.

મીત્રો,.... આ અમારો આ બજેટમાં રેવન્યુ અને કેપીટલ બજેટને સરળ રીતે પ્રસ્તુત કરવાનો નમ્ર પ્રયાસ છે અત્રેથી આપ સૌને ખાત્રી આપીએ છીએ કે આપણા સૌની તમામ તાકાત આ બજેટને યર્થાથ કરવા કામે લગાડી દઈશું સૌને ન્યાય મળે તે માટે સદા પ્રયત્નશીલ રહીશું. જેથી કરીને આ શહેરના વિકાસ લક્ષી "સૌનો સાથ........સૌ નો વિકાસ" ની યુકિત સાર્થક થાય તે માટે ઉપરોકત તમામ બજેટમાં જણાવેલ વિગતો અંગે જે કોઈ કાર્યવાહી કરવાની થાય તે સંપૂર્ણ પણે કામ પૂર્ણ થાય ત્યાં સુધીની કાર્યવાહીઓ કરવા નગરપાલીકા પ્રમુખશ્રી , ચેરમેનશ્રી કારોબારી કમીટી, ચીફ ઓફીસર ને સંપૂર્ણ સત્તા આપવામાં આવે છે અને બજેટમાં જણાવેલ સુવિધાઓનો લાભ જેમ બને તેમ વહેલાસર પ્રજાજનો ને મળે તે મુજબની કાર્યવાહી કરવાની રહેશે આ બજેટને સર્વાનુમતે મંજુર કરવા દરખાસ્ત કરૂ છું.

"સર્વાનુમતે મંજુર"

સદર જનરલ બોર્ડની ખાસ સામાન્ય સભાના એજન્ડા મુજબની આઈટમો પુરી થતાં બોર્ડની કાર્યવાહી સાંજે ૫–૪૫ કલાકે પુર્ણ કરવામાં આવેલ છે.

સહી. કામીની એચ. ગાંધી

પ્રમુખ

ખંભાત નગરપાલિકા, ખંભાત

સુધારા દરખાસ્ત પર મતદાન લેતા

| તરફેણ | | | વિરૂધ્ધ | | |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી | મુમતાઝબાનુ અરશીદ શેખ (પેઈન્ટર) | ૧ | શ્રી | ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા |
| ૨ | શ્રી | દુધાભાઈ હિરાભાઈ રોહીત | ૨ | શ્રી | સુનીતાબેન રાજુભાઈ વાઘરી |
| ૩ | શ્રી | ચંદુભાઈ ભુરાભાઈ કડીયા | ૩ | શ્રી | મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય |
| ૪ | શ્રી | ધ્રુવકુમાર જીતુભાઈ પટેલ (અપ્પુ) | ૪ | શ્રી | તેજલબેન સાગરકુમાર સોલંકી |
| ૫ | શ્રી | અંબાબેન જગદીશભાઈ જાદવ | ૫ | શ્રી | નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ |
| ૬ | શ્રી | સાવજસિંહ અજીતસિંહ ગોહીલ | ૬ | શ્રી | અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા |
| ૭ | શ્રી | પ્રફુલ્લભાઈ મનુભાઈ ચુનારા (પ્રકાશ) | ૭ | શ્રી | હેતલબેન કરશનભાઈ ભીલ |
| ૮ | શ્રી | ભારતીબેન રમેશભાઈ રાણા | ૮ | શ્રી | સોનલબેન નિતિનકુમાર જોષી |
| ૯ | શ્રી | નીતીનભાઈ રૂઘનાથજી બ્રહ્મભટ્ટ (ગેસવાળા) | ૯ | શ્રી | કનૈયાલાલ મફતભાઈ રાણા (કાનજીભાઈ) |
| ૧૦ | શ્રી | શમીમબાનુ અબ્દુલહમીદ મલેક | ૧૦ | શ્રી | નિતાબેન દિલીપભાઈ રાણા |
| ૧૧ | શ્રી | હંસાબેન કંચનલાલ રાણા(પઠાણ) | ૧૧ | શ્રી | કામીની હિરેનકુમાર ગાંધી |
| ૧૨ | શ્રી | ઈફતેખારહુસેન મુખ્તારહુસેન યમની (વકીલ) | ૧૨ | શ્રી | રાજેશકુમાર ગુણવંતલાલ રાણા (રાજુભાઈ ભગત) |
| ૧૩ | શ્રી | ખુશમનભાઈ શાંતીલાલ પટેલ (ચંદનવાળા) | ૧૩ | શ્રી | રેખાબેન અલ્પેશકુમાર જાદવ |
| | | | ૧૪ | શ્રી | શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય |
| | | | ૧૫ | શ્રી | દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર |
| | | | ૧૬ | શ્રી | ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ (ભુપતભાઈ) |
| | | | ૧૭ | શ્રી | ગીતાબેન જતીનકુમાર રાણા |
| | | | ૧૮ | શ્રી | જયાબેન રોહીતભાઈ ખારવા |
| | | | ૧૯ | શ્રી | જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા (બાલ્યો) |
| | | | ૨૦ | શ્રી | શાંતિબેન ભુપતભાઈ માછી (ભજનવાળી) |

| તટસ્થ | | |
|---|---|---|
| ૧ | શ્રી | એઝાઝહુસેન ઈર્શાદહુસેન સૈયદ (એઝાઝબાપુ) |

સુધારા દરખાસ્ત પર મતદાન લેતા તરફેણમાં (૧૩) તટસ્થમાં (૧) વિરૂધ્ધમાં (૨૦) મત પડતાં સુધારા દરખાસ્ત ના મંજુર થાય છે.

મુળ દરખાસ્ત પર મતદાન લેતા

| તરફેણ | વિરૂધ્ધ |
|---|---|

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી | ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા | ૧ | શ્રી | મુમતાઝબાનુ અરશીદ શેખ (પેઈન્ટર) |
| ૨ | શ્રી | સુનીતાબેન રાજુભાઈ વાઘરી | ૨ | શ્રી | દુધાભાઈ હિરાભાઈ રોહીત |
| ૩ | શ્રી | મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય | ૩ | શ્રી | ચંદુભાઈ ભુરાભાઈ કડીયા |
| ૪ | શ્રી | તેજલબેન સાગરકુમાર સોલંકી | ૪ | શ્રી | ધ્રુવકુમાર જીતુભાઈ પટેલ (અપ્પુ) |
| ૫ | શ્રી | નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ | ૫ | શ્રી | અંબાબેન જગદીશભાઈ જાદવ |
| ૬ | શ્રી | અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા | ૬ | શ્રી | સાવજસિંહ અજીતસિંહ ગોહીલ |
| ૭ | શ્રી | હેતલબેન કરશનભાઈ ભીલ | ૭ | શ્રી | પ્રફુલ્લભાઈ મનુભાઈ ચુનારા (પ્રકાશ) |
| ૮ | શ્રી | સોનલબેન નિતિનકુમાર જોષી | ૮ | શ્રી | ભારતીબેન રમેશભાઈ રાણા |
| ૯ | શ્રી | કનૈયાલાલ મફતભાઈ રાણા (કાનજીભાઈ) | ૯ | શ્રી | નીતીનભાઈ રૂઘનાથજી બ્રહ્મભટ્ટ (ગેસવાળા) |
| ૧૦ | શ્રી | નિતાબેન દિલીપભાઈ રાણા | ૧૦ | શ્રી | શમીમબાનુ અબ્દુલહમીદ મલેક |
| ૧૧ | શ્રી | કામીની હિરેનકુમાર ગાંધી | ૧૧ | શ્રી | હંસાબેન કંચનલાલ રાણા(પઠાણ) |
| ૧૨ | શ્રી | રાજેશકુમાર ગુણવંતલાલ રાણા (રાજુભાઈ ભગત) | ૧૨ | શ્રી | ઈફતેખારહુસેન મુખ્તારહુસેન યમની (વકીલ) |
| ૧૩ | શ્રી | રેખાબેન અલ્પેશકુમાર જાદવ | ૧૩ | શ્રી | ખુશમનભાઈ શાંતીલાલ પટેલ (ચંદનવાળા) |
| ૧૪ | શ્રી | શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય | | | |
| ૧૫ | શ્રી | દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર | | **તટસ્થ** | |
| ૧૬ | શ્રી | ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ (ભુપતભાઈ) | ૧ | શ્રી | એઝાઝહુસેન ઈર્શાદહુસેન સૈયદ (એઝાઝબાપુ) |
| ૧૭ | શ્રી | ગીતાબેન જતીનકુમાર રાણા | | | |
| ૧૮ | શ્રી | જયાબેન રોહીતભાઈ ખારવા | | | |
| ૧૯ | શ્રી | જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા (બાલ્યો) | | | |
| ૨૦ | શ્રી | શાંતિબેન ભુપતભાઈ માછી (ભજનવાળી) | | | |

**મુળ દરખાસ્ત પર મતદાન લેતા તરફેણમાં (૨૦) વિરૂધ્ધમાં (૧૩) અને તટસ્થમાં (૧) મત પડતાં મુળ દરખાસ્ત મંજુર થાય છે.**

**સહી. કામીની એચ. ગાંધી**

**પ્રમુખ**

**ખંભાત નગરપાલિકા, ખંભાત**